## વિજાપુર નગરપાલિકા સફાઇ વેરા તથા ખાસ સફાઇ ઉપકર નિયમો-૨૦૧૪

નં.નપાનિ/ટેક્ષશાખા/વિજાપુર/સફાઇ વેરા ખાસ સફાઇ વેરા/વશી/૫૧૪/૯/૨૦૧૬ / ૧૯૬૨૪

નિયામક નગરપાલિકાઓની કચેરી,
બ્લોક નં.૧૪, ત્રીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર. તા.~~૨૩/૦૨/૨૦૧૬~~ ૨/૩/૧૬

*વંચાણે લીધા:-*

૧. મુખ્ય અધિકારીશ્રી વિજાપુર નગરપાલિકાનો પત્ર નં. વિ.ન.પા/૨૪૯૬/૧૪-૧૫ તા.૨૪/૦૩/૨૦૧૫/ તા.૨૫/૦૫/૨૦૧૫ તથા વિ.ન.પા/૧૬/૧૫. તા.૨૨/૧૨/૧૫.

૨. કલેક્ટરશ્રી મહેસાણા નો પત્ર ક્રમાંકઃ નગપ/૧/વશી/૧૬૧૦./૨૦૧૫. તા.૨૭/૦૩/૨૦૧૫

૩. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના નોટીફીકેશન નં. કેવી/૧૯૩/ ૯૧/જીઓએ/૧૦૯૦/૨૯૫૧(૧)મ, તા.૩૧/૦૭/૧૯૯૧.

*// હુ ક મ //*

આમુખ (૧) થી મુખ્ય અધિકારીશ્રી વિજાપુર નગરપાલિકાએ **સફાઇ વેરા તથા ખાસ સફાઇ ઉપકર નિયમો-૨૦૧૪** કરવાની દરખાસ્ત અત્રેની કચેરીને કરવામાં આવેલ છે.

આમુખ (૨) ના પત્રથી કલેક્ટરશ્રી મહેસાણા એ વિજાપુર નગરપાલિકાના સદરહું નિયમોની દરખાસ્ત ચકાસણી કરીને મંજુર કરવા ભલામણ કરેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૧ તેમજ પ્રોવીઝન (એ) હેઠળના નગરપાલિકાએ બનાવેલા નિયમો મંજુર કરવા અથવા સુધારો કરવાની ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૦૨ હેઠળ આમુખ (૩) અન્વયે નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરને મળેલ સત્તાની રૂએ આ સાથેના સંતરામપુર નગરપાલિકાના **સફાઇ વેરા તથા ખાસ સફાઇ ઉપકર નિયમો-૨૦૧૪** મંજુર કરવા આથી હુકમ કરવામાં આવે છે. આ નિયમો લાગુ પાડતા પહેલાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૦૩ મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

બિડાણઃ- નિયમોની નકલ.

રવાના કર્યું:-

સહી/-
(રાકેશ શંકર)
નિયામક, નગરપાલિકાઓ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નાયબ નિયામક, નગરપાલિકાઓ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,
~~પ્રમુખશ્રી~~ / મુખ્ય અધિકારીશ્રી,
વિજાપુર નગરપાલિકા,
જી. મહેસાણા.

*નકલ સવિનય રવાના:-*

- ઉપ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

*નકલ રવાના:-*

- કલેક્ટરશ્રી મહેસાણા તરફ જાણ સારૂ.
- મુખ્ય અધિકારીશ્રી વિજાપુર નગરપાલિકા. જી.મહેસાણા તરફ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની જોગવાઇ મુજબ અમલવારી કર્યા અંગેનો ઠરાવ કરી, અમલવારી કર્યાની જાણ કરવા સારૂ.
- સીલેક્ટ ફાઇલે.

F:\My Document Rakesh\Tex Branch 2013.doc

# સફાઈ વેરો

## વિજાપુર નગરપાલિકાના સફાઈ વેરા અને ખાસ સફાઈ ઉપકર અંગેના નિયમો – ૨૦૧૪

**આમુખ :–**

પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ–૧૯૮૬ની કલમ–૨૫ હેઠળ ઘડવામાં આવેલ ધી મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ(મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીગ) રૂલ્સ–૨૦૦૦ની જોગવાઈઓ મુજબ નગરપાલિકા ધ્વારા ડોર ટુ ડોર ઘન કચરા કલેકશનની કામગીરી કરવાની રહે છે. આ અંગેના તથા સ્વચ્છતા સંબધી અન્ય કામગીરી અંગેના ખર્ચને પહોંચી વળવા માટે અને સેવા સ્વનિર્ભર બનાવવા માટે સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓ અન્વયે ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ ની કલમ ૯૯(૧) (૬) ની જોગવાઈ મુજબ ખાસ સફાઈ ઉપકર અને સામાન્ય સફાઈ વેરો નાંખી અધિનિયમની કલમ–૨૭૧ ના ખંડ (ઢ) થી મળેલ સત્તાની રૂએ નીચે મુજબના નિયમો કરે છે.

૧. **ટુકું નામ :–** વિજાપુર નગરપાલિકાના સફાઈ વેરા અને ખાસ સફાઈ ઉપકરના નિયમો – ૨૦૧૪ કહેવાશે.

૨. દર :– ખાસ સફાઈ વેરો આ સાથે સામેલ પરિશિષ્ટ–૨ મુજબ અને સામાન્ય સફાઈ વેરો પરીશિષ્ટ–૧ મુજબ લાગુ કરવામાં અને વસુલ કરવામાં આવશે.

૩. **લાગુ પડવાનો સમય :** – આ નિયમો મંજુર થયેથી વર્ષ ૨૦૧૫–૧૬ થી લાગુ કરવામાં આવશે.

૪. **વિસ્તાર વ્યાપ :–** નગરપાલિકા વિજાપુર માં સમાવિષ્ટ તમામ મિલ્કતો પર આ નિયમો લાગુ પડશે અને વખતો વખત જે કોઈ વિસ્તાર વધારા આવશે કે સમાવામાં આવશે તે વિસ્તારોમાં પણ આ નિયમો લાગુ પડશે.

❖ **વ્યાખ્યાઓ :–**

૧. અધિનિયમ/કાયદો એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ કલમ એટલે અધિનિયમની કલમ

૨. ' દર' અથવા 'ટેક્ષ' એટલે મિલ્કત કે તેના ભાગ પરનો ખાસ સફાઈ ઉપકર અને સામાન્ય સફાઈવેરો

૩. ' મુખ્ય અધિકારી ' એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ની કલમ –૪૭ અન્વયે નિમાયેલ અધિકારી

૪. ' કારોબારી સમિતિ' એટલે નગરપાલિકા અધિનિયમની જોગવાઈ મુજબ રચાયેલ કારોબારી સમિતિ

૫. 'વર્ષ ' એટલે એપ્રિલ મહિનાની પહેલી તારીખથી શરૂ થતુ અને માર્ચ મહિનાની ૩૧મી તારીખે પુરૂં થતું વર્ષ અર્થાત નાણાંકીય વર્ષ અથવા તેનો કોઈ ભાગ.

૬. નિયંત્રણ સમિતિ એટલે નગરપાલિકાની સેનેટરી સમિતિ અને તેની ગેરહાજરીમાં કારોબારી સમિતિ ઉપરોકત બન્નેની ગેરહાજરીમાં પ્રમુખશ્રી મુખ્ય અધિકારીની બનેલી સમિતિ.

૭. ' કર વસુલાતદાર ' એટલે વિજાપુર નગરપાલિકાનો કોઈપણ કર્મચારી અથવા નગરપાલિકાએ વખતોવખત નિયુકત કરેલ સંસ્થા/એજન્સી તથા વ્યકિતઓ

૮. 'કબજેદાર ' એટલે માલિક, એજન્ટ, ભાડુઆત, મેનેજર અથવા ગણોતીયા તરીકે મકાન અથવા જમીનનો ખરેખરો કબ્જો ધરાવતી વ્યકિત

૯. આ નિયમોમાં જેની વ્યાખ્યા ન કરી હોય પરંતુ અધિનિયમમાં વ્યાખ્યા કરી હોય તેવા શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ અધિનિયમમાં કરવામાં આવેલ છે તે મુજબ થશે.

❖ **નિયમો :–**

૧. નિયમોમાં અન્ય રીતે સૂચવ્યું હોય તે સિવાય આ વેરો વિજાપુર નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રહેણાંક,વાણિજય તથા ઔધોગિક અને અન્ય તમામ પ્રકારની મિલ્કતોને લાગુ પડશે. અને હવે પછી વખતોવખત જે કોઈ વિસ્તાર વધારવામાં આવશે તેને પણ લાગુ પડશે.

૨. નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ પ્રકારની મિલ્કતોના માલિક,કબજેદાર કે તેમના ભોગવટાદાર મિલ્કતમાંથી ઉત્પન્ન થતો કોઈપણ પ્રકારનો કચરા જાહેર રોડ પર,જાહેર જગ્યાએ,ખુલ્લી/બંધ ગટરમાં કે ખુલ્લા પ્લોટમાં કે અન્ય જગ્યાએ નાખી શકશે નહિ. તથા ગંદા પાણીનો જાહેર રોડ પર,ખુલ્લી જાહેર જગ્યામાં કે પોતાની કે અન્યની માલિકીની જગ્યામાં/ખુલ્લા પ્લોટમાં નિકાલ કરી શકાશે નહિ.

૩. મિલ્કતમાંથી ઉત્પન્ન થતા ઘનકચરાને તેના માલિક/ભોગવટકર્તાએ ભીનો કચરો અને સૂકો કચરો એમ બે પ્રકારમાં વર્ગીકૃત (સેગ્રીગેશન) કરી બે અલગ–અલગ પાત્રમાં એકઠો કરવાનો રહેશે.

૪. કોઈ મિલ્કતમાં કચરો એકત્ર કરવા માટે યોગ્ય પાત્ર (કચરા પેટી) રાખેલ નહિ હોય તો નગરપાલિકા ધ્વારા કચરા પેટી પુરી પાડી તે અંગેનો ચાર્જ વસુલ કરવામાં આવશે.

૫. સેગ્રીગેશન કરી એકઠો કરેલ કચરો નગરપાલિકા ધ્વારા દૈનિક ધોરણે ડોર ટુ ડોર પધ્ધતિથી એકત્રિત કરી/સખીમંડળ કે અન્ય એજન્સી/ઈજારદાર ધ્વારા એકત્રિત કરાવી લેન્ડફીલ સાઈટ/નજીકના કન્ટેનરમાં નિકાલ કરવામાં આવશે.

૬. ખાસ સફાઈ વેરો અને સામાન્ય સફાઈવેરો મિલ્કતવેરા તથા અન્ય વેરા સાથે સાંકળીને સંયુકત બિલથી કે અલગ રીતે બિલ બનાવીને વસુલ કરી શકાશે. તથા વેરો સમગ્ર વર્ષ માટે એક સામટો કે દર ૩ મહિને કે દર મહિને (નગરપાલિકા વખતોવખત નકકી કરે તે પ્રમાણે) ભરવાનો રહેશે.

૭. વેરો નગરપાલિકા કચેરીમાં અથવા નગરપાલિકા વખતોવખત જાહેર કરે તે સ્થળ અથવા ઉભા કરે તેવા ટેક્ષ કલેકશન સેન્ટર/વોર્ડ ઓફિસ/જન સુવિધા કેન્દ્ર ખાતે ભરવાનો રહેશે.

૮. ખાસ સફાઈ વેરો અને સામાન્ય સફાઈવેરો નગરપાલિકા અધિનિયમ માં દર્શાવેલ સમયમર્યાદામાં ભરપાઈ કરવાનો રહેશે.

૯. પ્રાથમિક રીતે કોઈપણ મિલ્કતનો નગરપાલિકા આકારણી પત્રકે નોધાયેલ માલિક વેરો ભરવા માટે જવાબદાર ગણાશે.પરંતુ ચૂકવણીમાં માલિક ધ્વારા કસૂર થયેથી આવી મિલ્કતના ખરેખર વપરાશકર્તા, ભાડુઆત,મેનેજર,વહીવટકર્તા પાસેથી વસુલ કરી શકાશે.

૧૦. ખાસ સફાઈ વેરા અને સામાન્ય સફાઈવેરાની આકારણી અને વસુલાત માટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ની જોગવાઈઓ આપોઆપ લાગુ પડશે. અને નિયત સમયમાં વેરો ન ભરનાર સામે નગરપાલિકા અધિનિયમની કલમ ૧૩૨–૧૩૩ હેઠળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧૧. એપાર્ટમેન્ટ,ફલેટ, શોપીગ સેન્ટર જેવા સામૂહિક/જૂથ રહેણાંક/વાણિજય મકાનના કિસ્સામાં તેના માલિક/ઉપભોગકર્તા ઓએ મિલ્કતના ભોંયતળિયે ભીના તેમજ સૂકા કચરા માટે અલગ–અલગ કોમ્યુનીટી ડસ્ટબિન તેમના ખર્ચે મૂકવાની રહેશે. જેમાંના કચરાનો નગરપાલિકા ધ્વારા નિકાલ કરવામાં આવશે.

૧૨. ખાસ સફાઈ ઉપકર અને સામાન્ય સફાઈવેરાનું અલગ માંગણા રજીસ્ટર અમલમાં આવશે નહિ.

૧૩. જે મકાનો મિલ્કતવેરામાંથી બાકાત રાખેલ છે અને જેનો મિલ્કતવેરો આકારેલ નથી તે તમામ મિલ્કતો ખાસ સફાઈ ઉપકર અને સામાન્ય સફાઈવેરાની જવાબદારીમાંથી મુકત ગણાશે નહિ.

૧૪. જે મિલકતના પ્રકાર/શ્રેણી માટે સ્પષ્ટ ઉલ્લેખ ન હોય તેનો પ્રકાર/શ્રેણી મુખ્ય અધિકારીશ્રીના અભિપ્રાયના આધારે પ્રમુખશ્રી નકકી કરશે.

૧૫. દવાખાના/હોસ્પિટલોમાંથી નીકળતા જૈવિક કચરા (બાયો મેડીકલ વેસ્ટ)નો પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ગાઈડ લાઈન મુજબ જ નિકાલ કરવાનો રહેશે. આવા કચરાના નિકાલની વ્યવસ્થાનું નગરપાલિકા ધ્વારા ગમે ત્યારે ચેકીગ/નિરીક્ષણ કરી શકાશે. આવી મિલ્કતોમાંથી નીકળતા અન્ય કચરાનો નગરપાલિકાના ઘન કચરા સાથે નિકાલ કરી શકાશે. બાયો મેડીકલ વેસ્ટનો કોઈપણ સંજોગોમાં મ્યુનિસિપલ ઘન કચરા સાથે કે જાહેર રસ્તા,ખુલ્લી જગ્યા,ગટરમાં કે અન્ય રીતે નિકાલ કરવામાં આવશે તો તે અંગે પ્રદુષણ નિયંત્રણ બોર્ડ,જિલ્લા આરોગ્ય તંત્ર ને ફરિયાદ કરવામાં આવશે. તથા નગરપાલિકા અધિનિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. અને સૂચવ્યા મુજબનો વહીવટ ચાર્જ સ્થળ પર જ વસુલ કરવામાં આવશે.

ઔધોગિક એકમોએ ઔધોગિક જોખમી કચરો પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સૂચના મુજબ નિકાલ કરવાનો રહેશે. ખુલ્લી જગ્યામાં કે નગરપાલિકાના ઘન કચરા સાથે નિકાલ કરી શકાશે નહિ.

૧૬. પાર્ટીપ્લોટ/લગ્નવાડી/સમાજવાડી/શૈક્ષણિક સંસ્થાઓએ પોતાના પરિસરમાં ખાસ પ્રસંગોએ તથા રોજ રોજ ઉત્પન્ન થતા કચરા માટે ડસ્ટબિન વગેરેમાં એકઠો કરવાની વ્યવસ્થા કરવાની રહેશે. આ રીતે એકઠો કરવામાં આવેલ કચરાનો નગરપાલિકા ધ્વારા નિકાલ કરવામાં આવશે.

૧૭. **નોટીસ ફી :–** નગરપાલિકા ધ્વારા માંગણાબીલની બજવણી થયા બાદ નિયત સમયમાં વેરો ભરવામાં ન આવે તો અધિનિયમની જોગવાઈ મુજબ નોટીસની બજવણી કરવામાં આવશે તો રૂા.૧૦૦/–નોટીસ ફી વહીવટી ચાર્જ તરીકે લાગુ પડશે.

૧૮ **વોરંટ ફી:–** નોટીસની બજવણી થયા બાદ પણ ટેક્ષ ભરપાઈ કરવામાં નહી આવે અને નગરપાલિકા ધ્વારા જપ્તી/સીલ અંગેનું વોરંટ ઈસ્યુ કરવામાં આવશે અને વોરંટના ઈસ્યુ સમયે તે જ દિવસે ટેક્ષ ભરપાઈ કરવામાં આવશે તો વોરંટ ફી તરીકે રૂા.૧૦૦/–લાગુ પડશે.વોરંટની બજવણી થયા બાદ પણ ટેક્ષ ભરપાઈ કરવામાં નહી આવે અને નગરપાલિકા ધ્વારા જપ્તી/સીલની કાર્યવાહી કરવામાં આવશે તો રૂા.૨૦૦/– કાર્યવાહી પેટે લાગુ પડશે.માંગણા બિલની બજવણી થયા બાદ ૧૫ દિવસમાં વેરો ભરવામાં ન આવે તો મુખ્ય અધિકારી નોટીસ બજાવશે. પ્રથમ નોટીસ માટે કરના ૧૦% અથવા રૂા.૧૦૦/– એ બેમાંથી જે ઓછી તેટલી નોટીસ ફી લાગુ પડશે. જયારે અન્ય નોટીસ માટે કરના ૧૦% અથવા રૂા.૧૦૦/– એ બેમાંથી જે વધારે તેટલી નોટીસ ફી લાગુ પડશે.

૧૯. **મુક્તિ**

(૧) નગરપાલિકાની માલિકીની તમામ ઈમારતો/મિલ્કતો કે જેનું કંઈ ભાડુ ઉપજતું ના હોય

(૨) બંધ રહેતી મિલ્કતો અર્થાત ઉપયોગમાં લેવામાં ન આવતી હોય તેવી મિલકતો.

નિયત સમયમાં આ અંગેની વાંધા અરજી મળ્યેથી છેલ્લા લાઈટ બિલના આધારે, સ્થળ તપાસ કરીને કે અન્ય રીતે તપાસ કરી ખાતરી કર્યા બાદ ૧૦૦ % મુકિત

(૩) ખુલ્લા પ્લોટ /જગ્યા

(૪) આંગણવાડી કેન્દ્રો

(૫) જાહેર ધર્મશાળાઓ કે જયાં મુસાફરો પાસેથી ચાર્જ લેવાતો ન હોય

૨૦. **વેરો રિફંડ કરવાની રીત :–** અધિ.ની કલમ ૧૩૮ અને ૧૩૯ હેઠળ હોય તે સિવાય

(ક) નિયંત્રણ સમિતિની મંજૂરીથી રિફંડ આપવાની જરૂરિયાતનાં કારણોની યોગ્ય તપાસ કર્યા પછી નિયંત્રણ સમિતિ રિફંડ મંજૂર કરી શકશે.

(ખ) કરની રકમ ચૂકવ્યા પછી રિફંડ માંગવામાં આવ્યું હોય તે સિવાય કોઈ રિફંડ આપવાનું અધિકૃત ગણાશે નહિ.

૨૧. **બિલ/નોટીસની બજવણી :–**

નગરપાલિકા અધિનિયમની કલમ–૨૨૬માં જણાવ્યા મુજબ બજવણી કરવામાં આવશે.

સંબંધિત વ્યકિત બિલ/નોટીસ સ્વીકારવાની મનાઈ કરશે તો બિલ બજાવનાર સંબંધિત મિલ્કત પર તેને ચોંટાડી/લગાવી શકશે. જે કાયદેસર ગણાશે.બિલ કુરીયર ધ્વારા પણ નગરપાલિકાના રેકર્ડમાં માલિક/ભોગવટેદાર તરીકે જેનું નામ હોઈ તે નામે મોકલી શકાશે. જે કોઈ પણ કારણોસર કે કોઈ સંજોગોમાં પરત આવશે તો નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહિ.

૨૨. **કર કોના પાસેથી વસુલ કરવામાં આવશે તે બાબત :–**

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ–૧૧૩માં જણાવેલ જોગવાઈ મુજબની વ્યકિતઓ પાસેથી કર વસુલ કરવામાં આવશે

૨૩. વિજાપુર નગરપાલિકામાં સમાવિષ્ટ મિલ્કતો પર સામાન્ય સફાઈવેરો પરિશિષ્ટ–૧ મુજબ તથા ખાસ સફાઈ ઉપકર પરિશિષ્ટ–૨ મુજબ લાગુ પડશે. જેમાં દર બે વર્ષે આપોઆપ ૫.૦૦ %નો ઉતરોતર વધારો થશે

૨૪. આ નિયમો અમલમાં આવ્યેથી અગાઉના નિયમો આપોઆપ રદ થશે પરંતુ તે રદ થવાથી તે હેઠળ લીધેલાં પગલાં કે કૃત્યોને કોઈ બાધ આવશે નહી અને તે પૈકી બાકી લ્હેણાં વસુલ કરવામાં બાધ આવશે નહી.

વિજાપુર નગર પાલિકા

DIRECTOR OF MUNICIPALITIES GUJARAT STATE GANDHINAGAR

## પરિશિષ્ટ–૧
## સામાન્ય સફાઈ વેરાના દર

| અ.નં. | મિલ્કતનો પ્રકાર | હાલનો દર વાર્ષિક રૂા. | સભામાં ઠરાવવમાં આવેલ દર વાર્ષિક રૂા. |
|---|---|---|---|
| ૧ | નગરપાલિકામાં સમાવિષ્ટ તમામ મિલ્કતો | - | 75/- |

## પરિશિષ્ટ–૨
## ખાસ સફાઈ ઉપકરના દર

| અ.નં. | મિલ્કતનો પ્રકાર | હાલનો દર વાર્ષિક રૂા. | સભામાં ઠરાવવમાં આવેલ દર વાર્ષિક રૂા. |
|---|---|---|---|
| ૧ | રહેણાંક(પ્લોટ સિવાય) | 100/- | 100/- |
| ૨ | વાણિજ્ય (પ્લોટ સિવાય) | 200/- | 250/- |
| ૩ | ગેસ્ટ હાઉસ, લોજ,હોટલ, રેસ્ટોરન્ટ, નાસ્તાગૃહ, પાર્ટીપ્લોટ,ગેરેજ,સર્વિસ સ્ટેશન, પેટ્રોલપંપ વિગેરે | 200/- | 300/- |
| ૪ | હોસ્પિટલ,પ્રસુતિગૃહ,દવાખાના | 200/- | 350/- |
| ૫. | ઔદ્યોગિક | 200/- | 350/- |

ચીફ ઓફીસર
વિજાપુર નગર પાલિકા

પ્રમુખ
વિજાપુર નગરપાલિકા

સહી/-

નિયામક, નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

રવાના કર્યું

નિયામક. નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય ગાંધીનગર વતી